**સિકયુરીટી ડીપોઝીટ પરત કરવા અંગે....**

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/અ.૩.૧/મંજુરી/ ૪૧૬૬–૬૭/૨૦૧૩, તાઃ૨૮.૩.૨૦૧૩ના પત્રથી શિવ ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ અને લેબર સપ્લાય, ૩૧૨,સંકેત હાઇટ,સનફાર્મા રોડ, અક્ષરચોક નજીક,વડોદરાની પાર્ટી પાસેથી યુનિવર્સિટીની સિકયુરીટી સેવા માટે કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો જે ટેન્ડરની શરતો મુજબ સદર પાર્ટી પાસેથી સિકયુરીટી ડીપોઝીટ તરીકે **રૂ.૪,૧૦,૦૦૦/–(અંકે ચાર લાખ દશ હજાર પુરા)** એફ.ડી.આર.ના સ્વરૂપમાં લેવામાં આવેલ, જે સિકયુરીટી સેવાની મુદૃત તાઃ૦૨–૦૯–૨૦૧૫ ના રોજ રાત્રિના બાર વાગે પુર્ણ થઈ ગયેલ છે. જેથી સદર સિકયુરીટી ડીપોઝીટ પરત કરવાની થાય છે.

આ બાબતે જે તે કચેરી તરફથી સદર પાર્ટી પાસેથી ચોરી, નુકશાની, કે અન્ય કોઈ વસુલાતના નાણાં વસુલ કરવાના બાકી હોયતો અત્રેની કચેરીને સદર પરિપત્ર મળ્યેથી **તાઃ૨૮/૯/૨૦૧૫** સુધીમાં પત્ર દ્વારા અથવા **regiadm3.1@nau.in** ઇ–મેલ ઉપર જાણ કરવા વિનંતી. જેથી જે તે પાર્ટીની સિકયુરીટી ડીપોઝીટ જપ્ત કરીને વસુલાત યુનિવર્સિટી ફંડમાં જમા કરી બાકી નિકળતા નાણાં તેમને પરત કરી શકાય. ઉપરોકત જણાવેલ તારીખ સુધીમાં આપના તરફથી કોઈ માહિતી મોકલવામાં નહી આવે તો આ અંગે આપની કચેરીની કોઈ વસુલાત બાકી નથી તેમ માની આગળની કાર્યવાહી કરી સિકયુરીટી કંપનીને સિકયુરીટી ડીપોઝીટ પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ જો કોઈ રજુઆત કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે યુનિટ હેડની અંગત રહેશે જેની નોંધ લેવા વિનંતી.

**આ બાબતે ટોચ અગ્રીમતા આપવા વિનંતી.**

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૧/ ૧૫૫૨૮–૭૭/૨૦૧૫.
નવસારી. તારીખઃ ૨૩/૦૯ /૨૦૧૫.

ઇ/ચા.કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ–**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ તથા માહિતી મોકલવા વિનંતી.
(૨) નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના બહારના ફાર્મના વડા ને આ અંગે જાણ તથા માહિતી મોકલવા વિનંતી.
(૩) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી , નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરી તરફ જાણ થવા સારૂ.

**નકલ રવાનાઃ–**

૧ હિસાબી અધિકારીશ્રી(કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરી તરફ જાણ થવા સારૂ.
૨ શિવ ઇન્ડસ્ટીયલ સિકયુરીટી ફોર્સ અને લેબર સપ્લાય, ૩૧૨,સંકેત હાઇટ, સનફાર્મા રોડ, અક્ષરચોક નજીક, વડોદરા તરફ આપના તાઃ ૦૮.૦૯.૨૦૧૫ પત્ર અન્વયે જાણ થવા સારૂ.